


'વીરપસલી' પર અમે કવિતા મંગાવી હતી. તેને વાચકોનો ઘણો સારો પ્રતિસાદ મળ્યો છે. અમે અહીં શક્ય એટલી કવિતા સમાવી છે. વાચકો તમે ઉત્સાહભેર કવિતા મોકલતા રહેશો.

## 'ઉમંગ' પર કાવ્ય મોકલી આપો

વાચકોની ઘણા સમયથી માંગ હતી કે 'સન્નારી'માં વાચકોની કવિતા પ્રકટ કરો. વાચકોની લાગણીને ધ્યાનમાં રાખી અમે વાચકોની કવિતા આપવાનું શરૂ કરવાનું નક્કી કર્યું છે. ઈન્ટ્રેસ્ટીંગ બનાવવા દર અઠવાડિયે કવિતા માટે તમને એક વિષય આપવામાં આવશે. એના પર કાવ્ય લખી અમને મોકલી આપશો. **વાચકોને ખાસ વિનંતી કે કાવ્ય ટૂંકાં મોકલે જેથી વધુ કાવ્યો સમાવી શકાય. લાંબા કાવ્યને ગણતરીમાં લેવામાં આવશે નહિ.** આ વખતનો વિષય છે **'ઉમંગ'**. તમારી મૌલિક કૃતિ અમને 29-08-26 સુધીમાં મળે એ રીતે પોસ્ટ, રૂબરૂ કે Email પર મોકલી આપશો. Email:sannari@gujaratmitra.in - સંપાદક

## વીરપસલી

ભાઇ, બહેનના હૈયાનો તાતંણો
ભાઇ, બહેનના સંબંધનો સરવાળો
ભાઇ, બહેનના રક્ષણનો રખેવાળો
ભાઇ, બહેનના વ્હાલનો દરિયો
બહેન, ભાઇનાં દુ:ખની ભાગીદાર
બહેન, ભાઇના સંઘર્ષની સાથીદાર
બહેન, ભાઇના વહીવટની વહીવટદાર
બહેન, ભાઇના સુખદુ:ખની સલાહકાર
ભાઇ, બહેનના પ્રેમની અમર કહાની
વીરપસલી, વીરપસલી, વીરપસલી
**- ગોપાળ આર. પરમાર**



## હૃદયની કામના

શ્રાવણની ભીની હવામાં
આજે એક અલગ જ ઉમંગ છે
વીરપસલીનો આ પવિત્ર તહેવાર
લાગણીઓના અદ્રશ્ય તાંતણે બંધાયેલો છે
હાથમાં કંકુ અને કાચા સૂતરનો દોરો
આ કોઈ સામાન્ય દોરો નથી
આ તો બહેનના હૃદયની અકબંધ પ્રાર્થના છે
જે ભાઈના કાંડે રક્ષાકવચ બનીને સજાશે
બાળપણની એ નિર્દોષ મસ્તી
નાની નાની વાતોમાં થતી રિસામણી અને મનામણી
આજે એ બધી જ યાદો આંખોમાં ફરી જીવંત થઈ ગઈ છે
સમય સાથે અંતર ભલે વધ્યું હોય
પણ હૈયાના આશીર્વાદ હંમેશાં સાથે છે
મારા વીરાના જીવનમાં સુખનો સૂરજ કાયમ તપતો રહે
તેના રસ્તાના દરેક સંઘર્ષ સફળતામાં ફેરવાઈ જાય
બસ આ જ એક બહેનની સાચા હૃદયની કામના છે
**- કે ડી સેદાણી (અમદાવાદ)**



## વાદળોનો ગડગડાટ,

તહેવારોની રમઝટ,
વીરાભગીનીનો પ્રેમનો વરસાદ.
સૂતરના તાંતણે,
પ્રેમગૂંથી આઠ સેરો
ચિરાગની કલાઈએ શોભાવતી.
જન્મોના પ્રેમરૂપે,
હૈયાની હૂંફરૂપે
મુન્નાએ આપ્યા આશીર્વાદ
પિતાતુલ્ય પડછાયો
માનો તારલો,
બહેનાની પડખે અડીખમ
સો સો સોગાત
પણ ઝાંખી પડી જાય,
સંગુનાં જીવનના સૂરમાં.
આવો ખેવૈયો,
નૌકાનાં સથવારે
ધન્ય ધન્ય રાજા રણછોડને.
**- સંગુ કમલ શાહ, સુરત.**

## વીરપસલી

બહેનનો સ્નેહ અને ભાઈનો ભાવ,
વીરપસલીનો આ મીઠો ઉત્સવ આયો.
રેશમની દોરી ને હેતનો ધાગો,
હૈયાના પ્રેમનો દીવો પ્રગટાયો.
શિશ નમાવીને આશિષ માંગે,
ભાઈના આયુષ્યની કામના જાગે.
સુખ-દુઃખમાં સાથ નિભાવશે વીરો,
બહેનનો સદા ચમકતો એ હીરો.
અક્ષત-તિલક કરી આરતી ઉતારી.
વીરપસલીની આ પાવન ભેટ,
અંતરમાં છલકે અમૂલખ હેત.
રક્ષાવચન ને લાગણીનો આ બંધ,
યુગો-યુગો સુધી મહેકે સુગંધ.
**- અંકુરભાઈ ગુલાબભાઈ લાડ (બામણવેલ)**

## મારો વીરો

સૂપડું ભરી સિદ્ધિઓ દેતો
મહેનતથી રિદ્ધિને વરતો
ધરા ચીરી એ મારગ કરતો
આમ વીરો મારો વીરપલસી દેતો!
વિશાળ ઘેઘૂર વડલા જેવી
મુજને મીઠી છાયા દેતો.
તરસ્યાની એ તરસ મીટાવતો
આમ વીરો મારો વીરપસલી દેતો!
મનની મૂંઝવણને વણકહ્યે જાણતો
'મારી બેની' કહી મુજબને વળગાવતો
આંખો મારી મીઠા જળથી ભરી દેતો!
આ મોંઘી વીરપસલીના બદલામાં
પ્રભુ એની પડખે રેજો
આવો જ વીરો જન્મોજનમ મળે
એવા મુજને આશિષ દેજો!
**- રીટા સંજય વશી (સુરત)**

## આવ્યો છે રાખી ત્યોહાર

આવો આવોને બેની સૌ સાથ
આજે આવ્યો છે રાખી ત્યોહાર...
ભાઈ બહેનની જુએ છે વાટડી હો...
બેની આવીને બાંધે છે રાખડી હો...
એવો ભાઈબહેન નો છે પ્યાર...
આજે આવ્યો છે રાખી ત્યોહાર...
ભાઈબહેન સૌ પ્રેમથી મળતાં હો...
આંખે હર્ષનાં આંસુ વહેવડાવતાં હો...
એવો ભાઈબહેનનો છે પ્યાર
આજે આવ્યો છે રાખી ત્યૌહાર
**-લીલાવતીબેન પી. કાંટલીવાલા**

## પવિત્ર પ્રેમનું પર્વ

શ્રાવણિયો માસ આવ્યો, ઉત્સવોની છે હાર,
ભાઈ-બહેનના પ્રેમનો, આ અનોખો શણગાર.
સંબંધોની સુવાસ મહેકે, હેતનો છે સાથ સદાય,
વીરપસલીના પર્વ પર, ખુશીઓ હૈયે ન સમાય.
બહેનનું હૈયું હેતથી છલકે, આંખોમાં સ્નેહની ધાર,
ભાઈને કપાળે તિલક કરી, વધાવે ઓવારણાં હજાર.
વર્ષો વીતે, યુગો બદલાય પણ પ્રેમ ક્યારેય ન ઘટે,
વીરપસલીનો આ પવિત્ર નાતો, સદીઓ સુધી ના મટે.
ભાઈ-બહેનનો આ પ્રેમ અખૂટ ને રહે પાવન સદા,
ઈશ્વરને એ જ પ્રાર્થના, રહે હસતો સર્વદા.
**- નિરાલી ઠોરિયા (મોરબી)**

## વીરપસલી

તહેવાર આ ભાઈબહેનના પ્રેમનો,
કરતી ઉપવાસ બહેન દિ' આખોય,
પ્રાર્થના પ્રભુને કરતી સતત બહેન,
સુખ, સમૃદ્ધિ ને દીર્ઘાયુ મળે
એનાં વ્હાલાં ભાઈભાભીને.
ખાઈ લે પ્રેમથી બહેન, આપે જે ભાઈ
આજના દિવસે બહેનને વ્હાલથી.
રહે અતૂટ પ્રેમ ભાઈબહેનનો!
**- શ્રીમતી સ્નેહલ રાજન જાની (સુરત)**






## લઘુકાવ્ય

**ભાઈબહેનના**
પવિત્ર સ્નેહ, નિર્વ્યાજ પ્રેમનો
એક તાંતણો
વીરપસલી.
**- કિશોર આર. ટંડેલ (નવસારી)**

એક અજાણી બહેનડી
કો'ક અજાણ્યા ભાઈને
જેલમાં 'વીરપસલી' બાંધતા જોઈ
જેલના સળિયાની આંખોમાં સ્નેહાશ્રુ !!!
**- રમેશ પટેલ [સુરત]**

## બહેનની પ્રાર્થના

ભાઈબહેનનો પ્રેમ ઘણેરો
બહેન બાંધે ભાઈને સૂતર તાર
પ્રભુ પાસે માંગે એની રક્ષાનો ઉપહાર,
ભાઈને મળે તંદુરસ્તી અને ચિર આયુષ્ય,
ભાઈને ન આવે કોઇ અડચણો,
સદાયે હસતો રહે મારો ભાઈ,
આ છે ભાઈબહેનના હેતણો તહેવાર.
**- ગુડ્ડી જિજ્ઞેશકુમાર પટેલ (સુરત)**

